હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૩૮, વર્ષ : ૩૫, અંક : ૧૫
૦૧-ઓગસ્ટ, ૨૦૨૪

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

**The Five Laws of Library Science**

(1) Books are for use
(2) Every reader his or her book
(3) Every book its reader
(4) Save the time of the reader
(5) A library is a growing organism

Dr. S. R. Ranganathan

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**



ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાનના પિતા અને ગ્રંથાલય શાસ્ત્રમાં વિશ્વવ્યાપી પ્રભાવિત યોગદાન કરનાર ડૉ.એસ.આર. રંગનાથનનો જન્મ ૯મી ઓગસ્ટ ૧૮૯૨માં મદ્રાસના શિયાલી ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ શિયાલીની હાઈસ્કૂલમાં તેમજ મદ્રાસ ક્રિશ્ચિયન કૉલેજમાંથી ગણિત વિષય સાથે બી.એ. (૧૯૧૩) અને એમ.એ. (૧૯૧૬)નો અભ્યાસ કરેલો હતો. ૧૯૧૭માં મેંગ્લોરમાં સરકારી કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. ૧૯૨૦માં સરકારી કૉલેજ કોઈમ્બતૂરમાં અને ૧૯૨૧થી મદ્રાસ યુનિવર્સિટીની પ્રેસિડેન્સી કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. ૧૯૨૪માં તેમને મદ્રાસ યુનિવર્સિટીના પ્રથમ ગ્રંથપાલ તરીકે નિમવામાં આવ્યા હતા. યુનિવર્સિટી ગ્રંથપાલ તરીકે નિમણૂક થઈ ત્યારથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના સિદ્ધાંતોથી લઈને આદર્શ મૂલક સિદ્ધાંતો સ્થાપિત કરવા ગ્રંથાલયને પ્રયોગશાળા તરીકે ઉપયોગ કર્યો અને સમગ્ર યુ.કે.માં પ્રવાસ કરી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવા યુનિવર્સિટી કૉલેજ, લંડનમાં અભ્યાસ કર્યો હતો. યુ.કે.થી પરત આવ્યા બાદ તેમણે ૧૯૬૨માં બેંગ્લોરમાં ડોક્યુમેન્ટેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગ સેન્ટર (DRTC) ની સ્થાપના કરી. ૧૯૬૫માં તેમને ભારત સરકાર દ્વારા ગ્રંથાલય વિજ્ઞાનમાં રાષ્ટ્રીય સંશોધન પ્રોફેસરના બિરુદથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગ્રંથાલય વિજ્ઞાનમાં ડૉ. રંગનાથનનું વર્ગીકરણ અને અનુક્રમણિકાના સિદ્ધાંતમાં વિશેષ યોગદાન રહેલું છે. તેમણે કોલોન કલાસિફિકેશન (૧૯૩૩)ની પદ્ધતિ વિકસાવી જેનો ઉપયોગ સંશોધન ગ્રંથાલયોમાં વ્યાપક પ્રમાણમાં થાય છે સાથે વિષય અનુક્રમણિકાઓની એન્ટ્રીઓ મેળવવા માટે 'ચેઈન ઈન્ડેકસીંગ'ની પદ્ધતિ બનાવી. તેમના અન્ય પ્રકાશનોમાં કલાસીફાઈડ કેટલોગ કોડ (૧૯૩૪), પ્રોલેગોમેના ટુ લાયબ્રેરી કલાસીફિકેશન (૧૯૩૭), લાયબ્રેરી કેટલોગ કોડ (૧૯૩૮), એલીમેન્ટસ્ ઓફ લાયબ્રેરી કલાસીફિકેશન (૧૯૪૫), કલાસીફિકેશન એન્ડ ઈન્ટરનેશનલ ડોક્યુમેન્ટેશન (૧૯૪૮), કલાસફિકેશન એન્ડ કોમ્યુનિકેશન (૧૯૫૧) અને હેડિંગ્સ એન્ડ કેનન્સ (૧૯૫૫) ગ્રંથાલયની કાયાપલટ કરવામાં ખૂબ જ મહત્વના છે.

મદ્રાસ યુનિવર્સિટીના ગ્રંથપાલ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગ્રંથાલય વિજ્ઞાનના પાંચ સૂત્રો બનાવ્યા હતા, જે ગ્રંથપાલના વ્યવસાય માટે વ્યાકરણ સમાન છે. 'ફાઈવ લૉઝ ઓફ લાયબ્રેરી સાયન્સ' ગ્રંથાલય સેવાના આદર્શ તરીકે વૈશ્વિક સ્તરે વ્યાપક પ્રમાણમાં સ્વીકારવામાં આવ્યા હતા. તેમના દ્વારા રાષ્ટ્રીય અને રાજય ગ્રંથાલય પ્રણાલીઓ માટેની યોજનાઓનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. પુસ્તકોની સાથે અનેક જર્નલ પ્રકાશનનું અને સંપાદનનું કામ, અનેક વ્યવસાયિક સંગઠનો સાથે સક્રિય રહીને ગ્રંથાલય વિજ્ઞાનમાં ખૂબ જ મોટું યોગદાન આપેલું છે. ગ્રંથાલય વ્યવસાયના ઉમદા કાર્ય માટે તેમણે ૧૯૫૭માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દિલ્હી યુનિવર્સિટી દ્વારા ૧૯૪૮માં ડૉકટરેટની માનદ્ પદવી, ૧૯૫૧માં વર્જિનીયા બિબ્લીયોગ્રાફિક સોસાયટી દ્વારા માનદ્ ફેલો, ૧૯૫૭માં લાયબ્રેરી એસોસિયેશન (લંડન) માનદ્ ઉપપ્રમુખ, આઈ.એફ.ડી.ના માનદ્ ફેલો, ભારતીય માનાંક સંસ્થાના માનદ્ ફેલો, યુનિવર્સિટી ઓફ પીટ્સબર્ગ દ્વારા ૧૯૬૪માં ડી.લીટ્ની માનદ્ પદવી તથા માગરિટ માન પ્રશંસા પત્ર જેવા અનેક સન્માન અને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારતમાં ગ્રંથાલય વિકાસને આગળ વધારનાર ગ્રંથાલય વિજ્ઞાનના રાષ્ટ્રીય અધ્યાપક ડૉ. એસ. આર. રંગનાથનની યાદમાં તેમના જન્મ દિવસને દર વર્ષે 'રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસે ગ્રંથાલયોમાં પુસ્તક પ્રદર્શન, વિચાર ગોષ્ઠી, સેમિનાર, ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શન તેમજ અન્ય વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવે છે. ડૉ. રંગનાથનનો ગ્રંથપાલ તરીકેનો મુખ્ય ઉદ્દેશ માહિતી શોધતા શોધકને તેમના જ્ઞાનના આધારે વિસ્તૃત કરવા, સરળતાથી સંશોધન કરવા, શિક્ષણ મેળવવા, શીખવા તેમજ નિર્ણય કરવા, મનોરંજન અથવા ફક્ત ઉત્સુકતા માટે માહિતીને સુલભ અને સરળતાથી પ્રાપ્ત કરી શકાય તેવું બનાવવાનો હતો. ગ્રંથાલય માહિતી કાર્ય અને સેવાના ભાગ્યે જ એવા કોઈ પાસા હશે જેનો સ્પર્શ ડૉ. રંગનાથને કર્યો ન હોય. તેઓ એક લેખક / સંશોધનકાર હતા. તેમના જીવનકાળ દરમ્યાન તેમણે ૬૦થી વધુ પુસ્તકો અને ૧૫૦૦ કરતા વધારે લેખો / પત્રો પ્રકાશિત કર્યા હતા તેનો વારસો ભારતભરના ગ્રંથાલયો અને શૈક્ષણિક સંસ્થાઓમાં જોઈ શકાય છે. ડૉ. રંગનાથનની પદ્ધતિ અને ઉપકરણો એ આજના ડિજીટલ યુગ સાથે પણ સુસંગત છે. ભારતના ગ્રંથાલય વિજ્ઞાનના પિતામહનું જન હૃદયમાં બિરુદ પામનાર વંદનીય, અવિસ્મરણીય, ગ્રંથાલય વિજ્ઞાન ક્ષેત્રમાં ગ્રંથાલય ધારો લાવનાર રાષ્ટ્ર પુરૂષને નત મસ્તક વંદન. રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની સૌ ગ્રંથપાલશ્રીઓને શુભેચ્છાઓ.

તા. ૦૧-૦૮-૨૦૨૪
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# પીએચ.ડી.

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 1. | **Brahmbhatt Dhruvkumar J.** | History Reflected in the Charani Literature in Gujarat : A Study | **ARTS** HISTORY | **Dr. Gajendra P. Shrimali** Shri & Smt. P.K. Kotawala Arts College, Patan |
| 2. | **Chaudhary Harshadkumar K.** | Inspirated Institues by Sardar Vallabhbhai Patel : A Historical Study | **ARTS** HISTORY | **Dr. Sureshbhai V. Chaudhary** Smt. A.S. Chaudhary Mahila Arts & Home Science College, Mehsana |
| 3. | **Chaudhari Namratben D.** | पुराणेषु नर्मदा – माहात्म्यम् : एकम् अध्ययनम् | **ARTS** SANSKRIT | **Dr. Karuna S. Trivedi** T.M. Shah Mahila Arts College, Idar |
| 4. | **Chaudhari Niketabahen H.** | नवसर्गगते माघे नवशब्दो न विद्यते – शिशुपालवधम् सन्दर्भे। | **ARTS** SANSKRIT | **Dr. D.B. Rathva** Dept. of Sanskrit & Bharatiya Vidya, H.N.G. Uni., Patan |
| 5. | **Chhaganya Rasilaben D.** | हर्षदेव माधवस्य कवितासु आधुनिकाः विषयाः (२०१० तः २०१८) | **ARTS** SANSKRIT | **Dr. Daksha K. Joshi** T.M. Shah Mahila Arts College, Idar |
| 6. | **Gamit Pritiben S.** | शिवपुराणे रुद्रसंहिताया उपाख्यानखण्डानां समीक्षात्मकम् अध्ययनम्। | **ARTS** SANSKRIT | **Dr. Daksha K. Joshi** T.M. Shah Mahila Arts College, Idar |
| 7. | **Gelot Narendrasinh C.** | ગુજરાતી સાહિત્યમાં મહાભારત આધારિત નવલકથાઓ : એક અભ્યાસ | **ARTS** GUJARATI | **Dr. Artiben G. Patel** Principal, Smt. P.R. Patel Arts College, Palasar |
| 8. | **Jadeja Dimpalbahen P.** | Image of Women in Select Works of Jhumpa Lahiri and Arundhati Roy | **ARTS** ENGLISH | **Dr. Paresh K. Shah** Idar Anjana Patidar H.K.M. Arts & P.N. Patel Commerce College, Idar |
| 9. | **Joshi Ankitaben K.** | गरूडपुराणस्य धार्मिक एवं दार्शनिकस्वरूपम् : समीक्षात्मकम् अध्ययनम्। | **ARTS** SANSKRIT | **Dr. D.B. Rathva** Dept. of Sanskrit & Bharatiya Vidya, H.N.G. Uni., Patan |
| 10. | **Katara Jigneshkumar D.** | Film Adaptation of Chetan Bhagat's Select Works : A Study | **ARTS** ENGLISH | **Dr. M. F. Patel** Principal, C.C. Mahila Arts and Sheth C.N. Commerce College, Visnagar |

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 11. | **Kharadi Priyankabahen K.** | **અરવલ્લી જિલ્લા ડુંગરી ગરાસિયા જાતિનું લોકવાઙ્મય : એક અધ્યયન** | **ARTS** GUJARATI | **Dr. Vimlesh Khamar** Shree Trikamjibhai Chatavani Arts and J.V. Gokal Trust Commerce College, Radhanpur |
| 12. | **Makvana Sonalben G.** | **અમૃત પટેલ અને પ્રેમજી પટેલના લોકસાહિત્યક સંશોધનમાં પ્રગટ થતી ઉત્તર ગુજરાતની લોકસંસ્કૃતિ** | **ARTS** GUJARATI | **Dr. Vimlesh Khamar** Shree Trikamjibhai Chatavani Arts and J.V. Gokal Trust Commerce College, Radhanpur |
| 13. | **Modi Kinnariben A.** | A Study on Computerization of Accounting System in Small and Medium Enterprises in North Gujarat | **COMMERCE** ACCOUNTANCY | **Dr. Jagdish K. Patel** Shri V.R. Patel College of Commerce, Mehsana |
| 14. | **Parmar Jayesh C.** | A Study of Economic Policies and Activities of National Schedul Caste Financial and Development Corporation (NSFDC) with Reference of North Gujarat Region | **ARTS** ECONOMICS | **Dr. Ganeshkumar D. Tripathi** Principal, C.N. Arts & B.D. Commerce College, Kadi |
| 15. | **Parmar Neha S.** | A Comparative Study of Private and Public Life Insurance Companies with Reference to the Socio-Economic Welfare of Policy Holders with Reference to Bhabhar Taluka (B.K.) | **ARTS** ECONOMICS | **Dr. Ramaben Shah** The D.P.C.B.L. Arts & Commerce College, Dhansura |
| 16. | **Parmar Panchabhai R.** | A Comparative Analysis of Profitability and Solvency of Selected Agriculture Produce Market Committees of North Gujarat | **COMMERCE** ACCOUNTANCY | **Dr. Ashok D. Parmar** Shri V.R. Patel College of Commerce, Mehsana |
| 17. | **Patel Devaji P.** | **બનાસકાંઠા જિલ્લાના આંજણા ચૌધરી સમાજનું લોકસાહિત્ય : એક અભ્યાસ** | **ARTS** GUJARATI | **Dr. Artiben G. Patel** Principal, Smt. P.R. Patel Arts College, Palasar |
| 18. | **Patel Dhavalkumar P.** | Impact of Problematic Internet Use on Social Skills and Aggressive Behavior Among Youths | **ARTS** PSYCHOLOGY | **Dr. B.D. Dhila** Dept. of Psychology, Children's University, Gandhinagar. |
| 19. | **Patel Jyotsanabahen B.** | **બે બાળસાહિત્યકારો : એક અભ્યાસ (ગિજુભાઇ બધેકા અને જીવરામ જોષીના સંદર્ભમાં)** | **ARTS** GUJARATI | **Dr. L. S. Mewada** Vijaynagar Arts College, Vijaynagar (Sabarkantha) |
| 20. | **Patel Manisha M.** | A Comparative Study of Customer Services of Selected Nationalized and Private Banks of India | **COMMERCE** ACCOUNTANCY | **Dr. Kiritlal G. Judal** Smt. C.C. Mahila Arts & Sheth C.N. Commerce College, Visnagar |
| 21. | **Patel Margi A.** | Synthesis and In Vitro Pharmacological Studies of Some Novel N-Containing Heterocyclic Compounds | **SCIENCE** CHEMISTRY | **Dr. Gaman G. Barat** Arts, Science and Commerce College, Pilvai |
| 22. | **Patel Mayurkumar N.** | मृदुला गर्ग के कथा–साहित्य में नारी चेतना | **ARTS** HINDI | **Dr. Ajaybhai K. Patel** Principal, Arts College, Shamlaji |
| 23. | **Patel Piyushkumar C.** | A Comparative Study of Achievement Motivation and Adjustment of Indoor and Outdoor Games Players | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Dharmendra K. Dhanula** Smt. P.R. Patel Arts College, Palasar |

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના અર્થશાસ્ત્ર વિભાગ તથા IQAC સેલ દ્વારા તા. ૧૧-૭-૨૦૨૪ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં જુદા જુદા દેશના પ્રોજેક્ટ બનાવ્યા હતા અને દેશની વસ્તી, ચલણ, વસ્તીનીતિ, આર્થિક નીતિ, શિક્ષણ નીતિ વગેરે દર્શાવ્યું હતું. પ્રથમ નંબરે રબારી ભાગ્યશ્રી, બીજા નંબરે ઠાકોર રોમા અને તૃતિય નંબરે ઓડ નિશાનો પ્રોજેક્ટ પસંદગી પામેલ હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સ્ટાફ પરિવારના સહયોગથી તેમજ આચાર્ય ડૉ. હિનાબેન એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.




✻ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં તા. ૧૧-૭-૨૦૨૪ના રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી પ્રિ.ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. ડૉ. પનેસરે કાર્યક્રમના પ્રારંભે વિશ્વ વસ્તી દિવસનો ઉદ્દેશ્ય અને વસ્તી દિવસના મહત્ત્વ પર વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. સમીર આર. પટેલે 'વિશ્વ વસ્તી દિવસ'ની શરુઆત સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૧૯૮૯માં કરવામાં આવી અને ૧૧મી જુલાઈ ૧૯૮૭ને 'પાંચ અબજ દિન' તરીકે ઉજવાયો હતો ત્યાંથી શરુ કરી જાપાન, અમેરિકા, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ વગેરે દેશોની સામે એશિયાખંડના ભારત દેશની વસ્તી રશિયાને પણ આંબી રહી છે. જેનું નિયંત્રણ અત્યાવશ્યક છે જેને કારણે ગરીબી, અશિક્ષા, બેરોજગારી, બીમારી, ગીચતા વગેરે જેવા પ્રશ્નો અને એની આડઅસરો ઉપસ્થિત થતી હોય છે. દેશના જાગૃત અને શિક્ષિત નાગરિક તરીકે પોતાનું યોગદાન આપવા માટે સૌને અપીલ કરી હતી.

## ઓરીએન્ટેશન પ્રોગ્રામ



શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર દ્વારા તા. ૫-૭-૨૦૨૪ના રોજ બી.એ., બી.કોમ. સેમ-૧ના વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કૉલેજના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને કૉલેજના નીતિ, નિયમો, લક્ષ્યાંક, ટાઇમ ટેબલ તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ વિશે માહિતી આપીને કૉલેજ વિશે માહિતગાર કર્યા હતા. કૉલેજના વિવિધ વિભાગના અધ્યાપકો દ્વારા કૉલેજની સાહિત્યિક પ્રવૃત્તિ, વ્યાખ્યાનમાળાઓ, વિમેન સેલ અંતર્ગત ચાલતી પ્રવૃત્તિઓ, આંબેડકર સેન્ટરમાં ચાલતા અભ્યાસક્રમ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, ઉદિશા કલબ, સંધાન કાર્યક્રમ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સપ્તધારા, નેક IQAC, અર્ણશા અંક, સ્વામી વિવેકાનંદ સ્ટડી સેન્ટર, ઇનોવેશન કલબ, એન્ટી રેગીંગ, નવી શિક્ષણ નીતિ-૨૦૨૦, ફિનીશીંગ સ્કૂલ, એન.સી.સી., એન.એસ.એસ., રમતગમત, કારકિર્દી માર્ગદર્શન, સ્કોપ, તેમજ સામાજિક સેવાઓ, જીવન મૂલ્યોનું મહત્ત્વ અને મહિલા સશક્તિકરણ વિશેની માહિતી ઊંડાણપૂર્વક અને વિવિધ દૃષ્ટાંત સાથે આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કૉલેજ વિશે અને પ્રવૃત્તિ વિશે માહિતગાર કરવાનો હતો.

## કાર્યક્રમ



✻ શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ ઍન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રિ. ડૉ.સી.એમ. ઠક્કરના અધ્યક્ષ સ્થાને તા. ૧૧-૭-૨૦૨૪ના રોજ વિશ્વ વસ્તી દિન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત કૉલેજના પ્રિ. ડૉ.સી.એમ. ઠક્કરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને વસ્તીના સંદર્ભે હકારાત્મક અને નકારાત્મક અસરો સમજાવી, કૌટુંબિક ભાવના અને મહત્ત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ વક્તા એન.સી.સી.ના ANO Lt. નિકુંજભાઇ પ્રજાપતિ અને ગોપાલભાઇ ઠાકોરે વિશ્વ

વસ્તી અંગેની આંકડાકીય માહિતી આપી કુટુંબ નિયોજન અંગે વિસ્તૃત માહિતી આપી તેમજ વસ્તી વધારો આપણા માટે આશીર્વાદ કે અભિશાપરૂપ છે એ બાબત વિદ્યાર્થીઓને સમજાવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



❊ સરકારી વિનયન અને વાણિજ્ય, કૉલેજ પોશીના ખાતે વિદ્યાર્થીઓ ૧૦૮ની સુવિધાથી પરિચિત થાય એવા હેતુસર એન.એસ.એસ. અંતર્ગત તા. ૧૩-૭-૨૪ના રોજ '૧૦૮ માહિતી કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૮ની સુવિધાનો પ્રત્યક્ષ નિર્દેશન થકી માહિતી આપવામાં આવી હતી. એ ઉપરાંત એક્સિડન્ટ, હાર્ટએટેક જેવા આકસ્મિક સંજોગો વખતે શું ધ્યાન રાખવું એનાથી પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.



❊ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પોશીના ખાતે તા. ૨-૭-૨૦૨૪ના રોજ ભારતમાં ૧ જુલાઈ ૨૦૨૪ થી લાગુ થયેલા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ કાયદા વિશે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ ડૉ. ભરતભાઈ ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અંતર્ગત નવા આવેલા ત્રણ કાયદાઓ શું છે, તેમની જોગવાઈઓ વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત આ નવા કાયદાઓ કેમ લાગુ કરવામાં આવ્યા, આ કાયદાઓના લાગુ થવાથી શું બદલાવ આવી શકે તે વિશે માહિતી આપવામાં આવી હતી.



❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુરના સંસ્કૃત વિભાગ દ્વારા પ્રિ. સી. એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા. ૧૨-૭-૨૦૨૪ના રોજ 'અષાઢસ્ય પ્રથમ દિવસે' શીર્ષક હેઠળ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ મહાકવિ કાલિદાસ રચિત મેઘદૂતની કથાવસ્તુ તેમજ કાલિદાસના જીવન-કવન વિષયક રસપ્રદ માહિતી પોતાના વક્તવ્યમાં આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં સંસ્કૃત અને સંસ્કૃતિનું શું મહત્ત્વ છે એ સમજાવ્યું હતું. વિભાગના અધ્યક્ષ ડૉ. કુસુમબહેન અખાણીએ પોતાનું મુખ્ય વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. ડૉ. સુરેશ ઓઝાએ તેમજ આભારદર્શન ડૉ. બલાભાઈ રબારીએ કર્યું હતું.




❊ શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં તા.૧૨-૭-૨૦૨૪ના રોજ એન.સી.સી. વિભાગના કેડેટ્સ દ્વારા 'પુનિત સાગર ઍક્ટિવિટી' હેઠળ 'વેસ્ટ ટુ વન્ડર' અને 'રીયુઝ પ્લાસ્ટિક' થીમ પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કેડેટ્સ દ્વારા ઠેર-ઠેર પ્લાસ્ટિક બોટલનો કચરો એકત્ર કરી તેમાંથી જરૂરિયાતની ચીજ-વસ્તુઓ જેવીકે વોટર પમ્પિંગ ટુલ, વોટર સ્પ્રે બોટલ, પ્લાન્ટ હોલ્ડર, પેન હોલ્ડર વગેરે બનાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ એન.સી.સી. કો-ઓર્ડીનેટર પ્રો. ડૉ. પ્રીતિ લવકેશ પટેલ તેમજ નીતિન જાદવ એન.સી.સી. યુનિટ, મહેસાણાના માર્ગદર્શનથી તથા કૉલેજના પ્રિ. ડૉ. રાકેશ રાવની રાહબરી હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો.

## ગૌરવ




નેશનલ લેવલે નેક દ્વારા યુનિવર્સિટી અને કૉલેજોને તેમની ગુણવત્તાને ધ્યાને લઈને ગ્રેડની ફાળવણી કરવામાં આવે છે, જે અંતર્ગત સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદર ખાતે નેક પિયર ટીમની મુલાકાતે નેક મૂલ્યાંકનમાં B++ ગ્રેડ આપવામાં આવ્યો હતો. સાબરકાંઠા જિલ્લાની આ સરકારી કૉલેજ દ્વારા આ પ્રકારની સિદ્ધિ મેળવનાર એકમાત્ર કૉલેજ બનીને ગૌરવ વધાર્યું છે. નેશનલ કક્ષાની આ નેક સંસ્થા દ્વારા કૉલેજનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિદ્યાર્થીલક્ષી

સુવિધાઓ, શૈક્ષણિક – બિનશૈક્ષણિક કર્મચારીઓની કામગીરી, રિસર્ચ, વિદ્યાર્થીઓની સંખ્યા, ભૂતપૂર્વ વાલી–વિદ્યાર્થીઓનું મંડળ, સાંસ્કૃતિક કાર્યક્રમ, કૉલેજ કેમ્પસ, ગ્રીન ઑડીટ, સ્પોર્ટ્સ મેદાન, કૉલેજની અન્ય સિદ્ધિઓ તેમજ કૉલેજમાં ચાલતા વિદ્યાર્થીલક્ષી પ્રકલ્પો વગેરેને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ઈડર તાલુકાની ગ્રામ્ય વિસ્તારમાં આવેલી આ કૉલેજને આવી સિદ્ધિ મળતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં આનંદનો માહોલ સર્જાયો હતો. પ્રિ. ડૉ. કે.જી.પટેલે આ સિદ્ધિ બદલ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

## ચર્ચા વર્તુળ



શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં ભારત સરકાર દ્વારા ૧ જુલાઈ ૨૦૨૪થી અમલમાં આવતા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ આ ત્રણ કાયદા અમલમાં આવશે. જ્યારે બ્રિટિશ કાળના ત્રણ કાયદા ‘આઈપીસી’ અને ‘ઈન્ડિયન એવિડન્સ એક્ટ’ નો અંત આવશે, આ નવા અમલમાં આવતા કાયદા અંગે વિશેષ ચર્ચા એડવોકેટ ડૉ. અસલમ મેમન તથા ભૂતપૂર્વ વિદ્યાર્થિની એડવોકેટ કૃપલ તથા ઉન્નતિએ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ૧૨૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે આ નવા ત્રણ કાયદા અંગે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી તથા જૂથ ચર્ચા પણ કરવામાં આવી હતી, જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર જોડાઈ હતી.

## જન્મ જયંતિ



મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના IQAC સેલ તથા સંસ્કૃત વિભાગ દ્વારા મહાકવિ કાલિદાસની જયંતિ છાત્રાઓ અને અધ્યાપકશ્રીઓ દ્વારા ખૂબ ઉત્સાહથી ઉજવવામાં આવી હતી. આચાર્યા ડૉ. હિનાબેન એમ. પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં કાલિદાસના જીવન તથા કૃતિઓ વિશે આઠ વિદ્યાર્થિનીઓ સહભાગી થઈ, જેમાં ફેની પટેલ, ખુશીબાનું પઠાણ, પ્રાંજલ પ્રજાપતિ, પૂજા પ્રજાપતિ, મીનલ ઝાલા, છાયા પ્રજાપતિ, જીનલ પ્રજાપતિ અને વિરલ પટેલે કાલિદાસના જીવન તથા કવન પર પ્રસ્તુતિ કરી હતી. IQAC કો–ઓર્ડીનેટર ડૉ. વર્ષાબેન સી. બ્રહ્મભટ્ટે, પ્રા. જિતેન્દ્રસિંહ વિહોલે તથા પ્રા. સનોબર શેખે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## ટ્રેનિંગ



✻ શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાની ઈનોવેશન ક્લબ તથા KCG, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૮ અને ૯, જુલાઈ ૨૦૨૪ના રોજ બે દિવસીય ટ્રેનિંગ ફેજ–૧ યોજાઈ. પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ GUJCOST દ્વારા આવેલ ટ્રેનર મુકુન્દ જહા દ્વારા DIY કીટની ટ્રેનિંગ કૉલેજના ૬૦ જેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. અધ્યાપક ડૉ. અમૃત જાદવ તથા નેક કો–ઓર્ડિનેટર ડૉ. વિશાલ પટેલ ટ્રેનિંગમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખેરાલુમાં ‘વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્ન’ને સાકાર કરવામાં મહત્ત્વના એવા ‘સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન કલ્ચર’ને તેમજ આ ક્ષેત્રે પ્રગતિશીલ એવી ગુજરાત રાજ્યની વિશેષ પહેલ સમાન– એસ.એસ.આઈ.પી. પોલીસીને વેગ આપવા ઈનોવેશનને પ્રોત્સાહન મળી રહે એવા ઉમદા હેતુ માટે કૉલેજના ઈનોવેશન ક્લબ અંતર્ગત ગુજકોસ્ટના માધ્યમથી રોબોકાર્ટ કંપની દ્વારા બે દિવસની સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના પ્રિ. ડૉ. બી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ માસ્ટર ટ્રેનર હર્ષસિંઘ દ્વારા ટ્રેનીંગ આપવામાં આવી હતી. જેમાં કૉલેજના ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સમગ્ર ટ્રેનીંગનું સુંદર સંચાલન ડૉ. કનુભાઈ રાઠવા અને પ્રો.સુરેશભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

## પ્રવેશોત્સવ

✻ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ખેરાલુમાં પ્રથમ વર્ષ બી.એ. અને બી.કોમ.માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીને કૉલેજની તમામ માહિતી મળે અને ઉચ્ચ શિક્ષણના પ્રવાહોથી વાકેફ થાય તે માટે પ્રવેશોત્સવ અને




ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ સહીત એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટ્સ તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને કાર્યાલય, લાઈબ્રેરી, મહિલા સેલ, શિસ્ત પાલન જેવી તમામ માહિતી આપીને નવા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. કૉલેજના તમામ અધ્યાપકો અને વહીવટી સ્ટાફનો પરિચય કરાવ્યો હતો. પ્રિ. ડૉ. બી.જે. ચૌધરીએ ઉચ્ચ શિક્ષણમાં નવી એજ્યુકેશન પોલીસીની જાણકારી આપી હતી. ડૉ. ભગવાનભાઈએ કૉલેજની અગત્યની બાબતો વિશે માહિતી આપી હતી. ગીરીશભાઈ કાપડિયાએ લાઈબ્રેરી, ડૉ. શીતલબેન પ્રજાપતિએ સાંસ્કૃતિક બાબતો, ડૉ. મેહુલભાઈએ સ્પોર્ટ્સ, ડૉ. હર્ષદભાઈએ એન.એસ.એસ., ડૉ. સંજયભાઈએ એન.સી.સી. વિશે માહિતી આપી હતી. જસ્મીનભાઈ દેવીએ કાર્યાલય અને સ્કોલરશીપ અંગે અને કેળવણી મંડળના મંત્રી રામસંગભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.



✲ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ ઍન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને તેમજ મુખ્ય મહેમાન તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. સી. પોરિયાની ઉપસ્થિતિમાં તા.૯-૭-૨૦૨૪ ના રોજ બી.એ.-બી.કોમ. સેમ-૧ના વિદ્યાર્થીઓનો આવકાર કાર્યક્રમ પ્રિ. ડૉ.સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કૉલેજના આચાર્યશ્રીએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને તેમને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. કે.સી. પોરિયા દ્વારા નીતિમત્તા, જીવનના ઉદ્દેશો સિધ્ધ કરવા કટીબદ્ધતા તેમજ 'એક પેડ મા કે નામ' થકી વૃક્ષારોપણ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના પ્રમુખશ્રી નવા વર્ષના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. અંતમા 'એક પેડ મા કે નામ' અંતર્ગત વિદ્યાર્થીઓને કુલપતિશ્રીના હસ્તે છોડ આપી જતન કરવાની જવાબદારી આપવામાં આવી હતી.

## વિદાય સમારંભ



✲ શ્રી ટી.એ.ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરના ઓ.એસ. જયેશભાઈ હાલાણી, સિનિયર ક્લાર્ક ભગુભાઈ પટેલ તેમજ વોચમેન વિભાભાઈ આહીરનો વય સેવા નિવૃત્તિ કાર્યક્રમ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને, પ્રિ. ડૉ.સી.એમ.ઠક્કરે મહેમાનોને આવકારી તેમની સેવાઓને બિરદાવી હતી. તેમજ ટ્રસ્ટ અને કૉલેજ દ્વારા તેઓને સન્માન પત્રક અને સ્મૃતિચિન્હો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેનેજિંગ ટ્રસ્ટી રાયચંદભાઈ, ટ્રસ્ટી ચુનીભાઈ, ટ્રસ્ટી ક્રિષ્નાબેન તેમજ વિવિધ કેમ્પસના પ્રિન્સિપાલ, પરિવારના સભ્યો તેમજ આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિદાય લઈ રહેલા તમામનું શૈક્ષણિક સ્ટાફ દ્વારા તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## વૃક્ષારોપણ




✲ શ્રી ટી.એ. ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ રાધનપુર દ્વારા તા. ૧-૭-૨૦૨૪ના રોજ રોટરી ક્લબ ઓફ રાધનપુરના સંયુકત ઉપક્રમે ફર્સ્ટ ડે ફર્સ્ટ પ્રોજેકટ અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રોટરી સ્થાપક ડૉ. મહેશભાઈ મુલાણી, પ્રેસિડેન્ટ ડૉ. સી. એમ. ઠક્કર, સેક્રેટરી ડૉ. પરેશ દરજી, ડૉ. પ્રવીણ ઓઝા, ડૉ. દિનેશ ઠક્કર, મહેશ રાઠોડ, ડૉ. ચિરાગ રાવલ, ડૉ. કિશોરભાઈ ઠક્કર, કાંતિભાઈ નાઈ, અમરતભાઈ કોન્ટ્રાકટર, દિલિપ પૂજારા, રાજેશ ઠક્કર, જયેશ હાલાણી સહિતના રોટેરીયન મિત્રો, કૉલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વૃક્ષારોપણ કરી તેનો ઉછેર કરી પર્યાવરણ બચાવવાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

✲ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, સતલાસણા ઉપરાંત આર.ડી.એસ.પી. ફાઉન્ડેશન, મહેસાણા અને લાયન્સ ક્લબ ઓફ સતલાસણાના સંયુક્ત ઉપક્રમે તા. ૯-૭-૨૦૨૪ના રોજ 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ યોજાયો




હતો. સોમાભાઈ પટેલ તરફથી ૧૦૦૦ છોડ દાનમાં મળ્યા હતા. કૉલેજ કેમ્પસ, સતલાસણાની સ્વપ્નવિલા સોસાયટી તથા એન.એસ.એસ. યુનિટ દ્વારા દત્તક લીધેલ ગામ ધરોઈની સરદાર પટેલ હાઈસ્કૂલના પ્રાંગણમાં વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે વૃક્ષોના દાતા સોમાભાઈ પટેલ, લાયન્સ ક્લબના સભ્યો, પ્રિ. જયેશ બારોટ ઉપસ્થિત રહ્યા હતા.



※ શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાના એન.એસ.એસ. વિભાગ દ્વારા કૉલેજના પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ ઊંઝા રીંગરોડ ઉપર રોડની સાઈડમાં ખાલી જમીન ઉપર અંદાજિત ૮૦ જેટલા વિવિધ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. એન. એસ. એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. આર.કે. શાહ એ 'એક વૃક્ષ માતા કે નામ' અભિયાન અંતર્ગત આપણી ધરતી માતાને હરિયાળી બનાવવા માટે ઓછામાં ઓછું એક વૃક્ષ ઉછેરવા માટે વિદ્યાર્થીઓને આહ્વાહન કર્યું હતું. વધતાં જતાં પ્રદૂષણને લીધે ભવિષ્યમાં પર્યાવરણની જાણવણી માટે વૃક્ષારોપણ ખુબજ જરૂરી છે, તેમ જણાવ્યું હતું. 'વૃક્ષ વાવો જીવન બચાવો' અંતર્ગત ડૉ. દિવ્યાબેન ડી. પટેલે વિદ્યાર્થીઓને વૃક્ષવાવીને તેનું જતન કરવા અંગે શપથ લેવડાવ્યા હતા.

## વ્યાખ્યાન




શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના સંસ્કૃત વિભાગ દ્વારા તા.૮–૭–૨૦૨૪ ના રોજ અષાઢસ્ય પ્રથમ દિવસે કાર્યક્રમ અંતર્ગત ડૉ.મમતાબેન પંડિતનું મેઘદૂત કૃતિ પર વ્યાખ્યાન યોજાયું હતુ. સાર્વજનિક કેળવણી મંડળના સહમંત્રીશ્રી મિલનભાઈ ચૌધરીએ અધ્યક્ષ સ્થાનેથી કાર્યક્રમની શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ.નગીનભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત અને પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે કૉલેજના પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહિયાએ હિન્દી કવિ નાગાર્જુન રચિત કવિતા 'કાલિદાસ ઓ કાલિદાસ' નો રસાસ્વાદ કરાવ્યો હતો.

## વર્કશોપ

શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ ઍન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં કૉલેજના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને તેમજ પ્રિ ડૉ.સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા. ૧૫–૭–૨૦૨૪ ના રોજ કરિયર ગાઈડન્સ એન્ડ ઈન્ટરવ્યુ ટેકનિક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા સી.એ. અજીતભાઈ શાહે વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ કઈ રીતે આપવું, અરજી કઈ રીતે કરવી તેમજ કરિયર ગાઈડન્સ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કોમર્સ વિભાગના અધ્યાપક અને વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.

## સબરસ

સાસરિયામાં જમાઈનું માન કેમ વધુ હોય છે?

કારણકે, સાસરીવાળાને ખબર હોય છે કે... આ જ એ મહાન માણસ છે, જેણે આપણા તોફાની વાવાઝોડાને સાચવ્યું છે.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor :** **Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**
Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–